શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

દ્વિતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન પરિચય] અભ્યાસ- ૪

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.
**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.
**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

**સૌજન્ય :** સુશ્રાવકવર્ય શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ-વરલી

# સ્તોત્ર-અર્થ રહસ્ય

## ૨. અજિત-શાંતિ સ્તવ (ચાલુ)

**વેઢ્ઢઓ (વેષ્ટક) છંદ**

**સાવત્થિપુવ્વપત્થિવં ચ, વરહત્થિમત્થયપસત્થ વિચ્છિન્નસંથિયં;**
**થિરસરિચ્છવચ્છં મયગલ- લીલાયમાણવરગંધહત્થિપત્થાણપત્થિયં સંથવારિહં.**
**હત્થિહત્થબાહું ધંત કણગરુઅગ, નિરુવહય પિંજર પવરલક્ખણોવચિય સોમચારુરૂવં;**
**સુઈસુહ મણાભિરામ પરમ,રમણિજ્જ વરદેવદુંદુહિ નિનાયમહુરયર સુહગિરં. વેઢ્ઢઓ....૯**

**રાસાલુદ્ધઓ (રાસાલુબ્ધક) છંદ**

**અજિઅં જિઆરિગણ, જિઅસવ્વભયં ભવોહરિઉં;**
**પણમામિ અહં પયઓ, પાવં પસમેઉ મે ભયવં...૧૦**

**શબ્દાર્થ :-**

**સાવત્થિ** -શ્રાવસ્તી નગરીમાં
**પુવ્વપત્થિવં** -પૂર્વ રાજા
**વરહત્થિ** -શ્રેષ્ઠ હાથીની
**મત્થય** -મસ્તક જેવું
**પસત્થ** -શ્રેષ્ઠ
**વિચ્છિન્ન** -વિસ્તારવાળું
**સંથિયં** -જેનું શુભ સંસ્થાન છે.
**થિર** -કઠણ
**સરિચ્છ**-શ્રીવત્સના ચિહ્નવાળી
**વચ્છં** -છાતીવાળા
**મયગલ** -મદોન્મત
**લીલાયમાણ** -લીલા કરતા
**વરગંધહત્થિ** -શ્રેષ્ઠ ગંધહસ્તિના
**પત્થાણ** -પ્રસ્થાન/ ગમનના
**પત્થિયં** -જેવી ચાલવાળા
**સંથવારિહં.** -સ્તવન કરવા યોગ્ય
**હત્થિહત્થબાહું** -સૂંઢ જેવા બાહુવાળા
**ધંત** -ધમેલા
**કણગ** -કનકના
**રુઅગ** -પાત્ર જેવું
**નિરુવહય** -નિષ્કલંક
**પિંજર** -પીત વર્ણવાળા
**પવર** -શ્રેષ્ઠ
**લક્ખણ** -લક્ષણોથી
**ઉવચિય** -વ્યાપ્ત
**સોમચારુરૂવં** -સોમ્યાકાર સુંદર રૂપવાળા
**સુઈસુહ** -કાનને સુખકારી
**મણાભિરામ** -મનને આહ્લાદ કરનારી
**પરમ** -અત્યંત
**રમણિજ્જ** -રમણીક
**વરદેવદુંદુહિ** -શ્રેષ્ઠદુંદુભિના
**નિનાય** -શબ્દોથી
**મહુરયર** -અતિ મધુર
**સુહ** -કલ્યાણ કરનારી
**ગિરં** -વાણીવાળા
**અજિઅં** -શ્રી અજિતનાથ ભગવાનને
**જિઆરિગણ** -શત્રુઓના ગણને જીતનારા
**જિઅસવ્વભયં** -સર્વ ભયને જીતનારા
**ભવોહરિઉં** -સંસારના પ્રવાહના શત્રુરૂપ
**પણમામિ** -પ્રણામ કરું છું
**અહં** -હું
**પયઓ** -તત્પર
**પાવં** -પાપને
**પસમેઉ** -શમાવો
**મે** -મારા
**ભયવં** -હે ભગવાન

**ગાથાર્થ :-** શ્રાવસ્તી નગરીના પૂર્વ રાજા, ઉત્તમ હસ્તિના મસ્તક જેવા શ્રેષ્ઠ સંસ્થાનવાળા, કઠણ શ્રીવત્સના ચિન્હવાળી છાતીવાળા, મદોન્મત્તલીલા કરતા ઉત્તમ ગંધહસ્તિ જેવા ગમનવાળા, સ્તવન કરવા યોગ્ય હાથીની સૂંઢના જેવા બાહુવાળા, ધમેલા સુવર્ણના પાત્રની જેમ નિષ્કલંક પીળા રંગવાળા, ઉત્તમ લક્ષણોથી યુક્ત, સૌમ્યાકાર સુંદર રૂપને ધરનારા, કાનને સુખકારી, મનને આનંદદાયક તથા રમણીક એવા દેવ દુંદુભિના શબ્દોથી અતિશય મધુર ને કલ્યાણકારી વાણી બોલનારા;....૯

શત્રુઓના ગણને જીતનારા, સર્વ ભયને જીતનારા અને આ સંસારના પ્રવાહના શત્રુરૂપ શ્રી અજિતનાથ સ્વામીને હું તત્પર થઇ પ્રણામ કરું છું. હે ભગવાન ! તમે મારાં પાપને શમાવો.

**વેઢ્ઢઓ (વેષ્ટક) છંદ**

**કુરુ જણવય હત્થિણાઉર નરીસરો,**
**પઢમં તઓ મહાચક્કવટ્ટિભોએ, મહપ્પભાવો,**
**જો બાવત્તરિ પુરવર સહસ્સ વરનગર નિગમ,**
**જણવય વઈ, બત્તીસા રાયવર સહસ્સાણુયાયમગ્ગો,**
**ચઉદસ વરરયણ નવ મહાનિહિ,**
**ચઉસટ્ઠિ સહસ્સપવર જુવઈણ સુંદરવઈ,**
**ચુલસી હયગય રહ સયસહસ્સ સામી,**
**છણ્ણવઈ ગામકોડિસામી આસિજ્જો ભારહમ્મિ ભયવં. વેઢ્ઢઓ....૧૧**

**રાસાનંદિયં (રાસાનંદિતં) છંદ**

**તં સંતિં સંતિકરં, સંતિણ્ણં સવ્વભયા;**
**સંતિં થુણામિ જિણં, સંતિં વિહેઉ મેં. રાસાનંદિયં યુગ્મમ્ ...૧૨**

**શબ્દાર્થ :-**

**કુરુજણવય** -કુરુ દેશ
**હત્થિણાઉર** -હસ્તિનાપુર નગર
**નરીસરો** -રાજા
**પઢમં** -પ્રથમ
**તઓ** -તે પછી
**મહાચક્કવટ્ટિ** - મહાચક્રવર્તીના
**ભોએ** -રાજ્ય વિષે
**મહપ્પભાવો,** -મોટા પ્રભાવવાળા
**જો** -જે
**બાવત્તરિ** -બોતેર
**પુરવરસહસ્સ** -હજાર શ્રેષ્ઠપુર
**વરનગર** -શ્રેષ્ઠ નગર
**નિગમ** -સમૃદ્ધિવાળી દુકાન
**જણવય** -દેશના
**વઈ** -અધિપતિ
**બત્તીસા** -બત્રીસ
**રાયવર** -મુગટબદ્ધ રાજા
**સહસ્સ** -હજાર
**અણુયાયમગ્ગો** -જેમના માર્ગે અનુસરેલા છે.
**ચઉદસ** -ચૌદ વરરયણ-શ્રેષ્ઠ રત્નોવાળા
**નવ મહાનિહિ** -નવ મોટા ભંડારવાળા
**ચઉસટ્ઠિસહસ્સ** -ચોસઠ હજાર
**પવરજુવઈણ** -શ્રેષ્ઠ યુવતીઓના
**સુંદરવઈ** -સુંદર પતિ

**ચુલસી** -ચોર્યાસી
**હયગય** -ઘોડા, હાથી
**રહ** -રથ
**સયસહસ્સ** -સો હજાર / લાખ
**સામી** -સ્વામી
**છણ્ણવઇ** -છન્નુ
**ગામકોડિ** -ક્રોડ ગામના
**સામી** -સ્વામી
**આસિક્ષ્જો** -થયા હતા.
**ભારહમ્મિ** -ભરતક્ષેત્રમાં
**ભયવં** -ભગવાન શ્રી શાંતિનાથ
**તં સંતિં** -તે શાંતિ / ઉપશમ કરનારા
**સંતિકરં** -શાંતિને કરનારા
**સંતિણ્ણં** -તરેલા છે.
**સવ્વભયા** -સર્વ ભયથી
**સંતિં** -શાંતિનાથને
**થુણામિ** -સ્તવું છું.
**જિણં**-જિનને
**સંતિં** -શાંતિ
**વિહેહુ** -કરો
**મેં** -મને

**ગાથાર્થ :-** કુરુદેશમાં આવેલા હસ્તિનાપુરના પ્રથમ રાજા, તે પછી જે મોટા ચક્રવર્તી અને મોટા પ્રભાવિક થયા, જે બોતેર હજાર શ્રેષ્ઠ પુર / નગર તથા મોટી સમૃદ્ધિવાળી દુકાનોવાળા શ્રેષ્ઠ નગર અને દેશોના પતિ, બત્રીસ હજાર મુગટબદ્ધ રાજાઓ જેના માર્ગને અનુસરે છે, જે શ્રેષ્ઠ ચૌદ રત્નો, મોટા નવ નિધિ અને ચોસઠ હજાર સુંદર યુવતીઓના સુંદર પતિ થયા છે, ચોર્યાશી લાખ ઘોડા, ચોર્યાસી લાખ હાથી તથા ચોર્યાસી લાખ રથના જે સ્વામી થયા છે, જે છન્નુ કરોડ ગામના સ્વામી થયા છે એવા ભગવાન શાંતિનાથ આ ભરતખંડમાં થયા હતા, ઉપદ્રવનો ઉપશમ અને શાંતિ કરનારા, સર્વ ભયને તરી ગયેલા એવા શાંતિનાથ ભગવાનને મારી શાંતિ કરવાને માટે હું સ્તવું છું....૧૧-૧૨





# શ્રી ગણધરવાદ (ચાલુ)

## ૩જા ગણધર શ્રી વાયુભૂતિ ગૌતમ

**આધાર ગ્રંથ - શ્રી કલ્પસૂત્ર : અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા. તથા સચિત્ર ગણધરવાદ : પ.પૂ. અરૂણવિજયજી મ.સા.**

શ્રી ઈન્દ્રભૂતિ અને અગ્નિભૂતિ એવા બન્ને મોટાભાઈથી નાના ત્રીજાભાઇ તરીકે શ્રી વાયુભૂતિ હતા. વસુભૂતિ પિતા અને પૃથ્વીમાતાના તેઓ ત્રીજા નંબરના પુત્ર હતા. ઈન્દ્રભૂતિથી તેઓ ૮ વર્ષ નાના અને અગ્નિભૂતિથી તેઓ ૪ વર્ષ નાના હતા. પૃથ્વીમાતાએ તેમને ઉત્તમ એવા સ્વાતિનક્ષત્રમાં જન્મ આપ્યો હતો. મગધદેશની ગોબ્બર ગામની ધરતી તેમની જન્મભૂમિ હતી.

બ્રાહ્મણ જ્ઞાતિના વિપ્રવર્ય વાયુભૂતિએ પણ પોતાના કુળાચાર પ્રમાણે વેદ-વેદાન્તનો અભ્યાસ કર્યો. શ્રુતિ-સ્મૃતિ-વેદ-પુરાણ, નિઘંટુ-છંદ, ન્યાય-વ્યાકરણ આદિ વિદ્યાઓમાં તેઓ સિદ્ધહસ્ત થયા. અનેકોને અધ્યાપન કરાવતા તેમને ૫૦૦ શિષ્યોનો પરિવાર થયો હતો. અધ્યયન-અધ્યાપનના વ્યવસાયમાં જોડાયેલા એવા પ્રસિદ્ધ વિદ્વાન વિપ્રવર્ય વાયુભૂતિએ પણ અનેક શાસ્ત્રાર્થ સભાઓમાં ભાગ લીધો હતો અને ઘણાંને વાદ-ચર્ચામાં હરાવીને વાદી-વિજેતાનું બિરૂદ પામ્યા હતા.


પરન્તુ આટલા ધુરંધર વિદ્વાન એવા વાયુભૂતિને એક વસ્તુ ગળે નહોતી ઉતરતી કે જીવ એ જ શરીર છે કે શરીર એ જ જીવ છે. પોતાના મોટાભાઇની જેમ તેઓ સર્વથા જીવનું અસ્તિત્વ નથી માનતા એમ નથી. જીવનું અસ્તિત્વ તો માને છે, પરન્તુ જીવ-શરીર જુદા નથી માનતા, જીવ ખાતો નથી એટલે તેમને શરીરને જ જીવ અને જીવને જ શરીર માની લીધો. વેદ પદોનો અર્થ બરાબર ન કરતા તેમના મનમાં આ શંકા ઘર કરી ગઇ હતી.

વાયુભૂતિએ, ઇન્દ્રભૂતિએ અને અગ્નિભૂતિએ પોતાના પરિવાર સાથે સંયમ ગ્રહણ કર્યું એમ સાંભળીને, જેમના શિષ્ય મારા મોટા ભાઇ ઇન્દ્રિભૂતિ અને અગ્નિભૂતિ થયા છે તે મને પણ પૂજ્ય છે, હું પણ તેમની પાસે જઇ મારા સંશયનું સમાધાન કરી લઉં એવો વિચાર કર્યો. પછી તે પોતાના પાંચસો વિદ્યાર્થી શિષ્યો સાથે પ્રભુ પાસે આવ્યો ત્યારે વીરપ્રભુએ કહ્યું કે, **હે વાયુભૂતિ ! આ શરીર એજ આત્મા છે કે શરીરથી અલગ કોઇ આત્મા છે,** એવો તને જે સંશય છે તેથી તું વેદના પદોનો અર્થ બરાબર સમજ્યો નથી કારણ કે તું **''વિજ્ઞાનઘન એવૈતેભ્યોભૂતેભ્યઃ''** ઇત્યાદિ વેદપદોથી એમ સમજે છે કે, ભૂતોથી આત્મા જાૂદો નથી. પરંતુ **''સત્યેનલભ્યસ્તપસાહિ એષ બ્રહ્મચર્યેણ નિત્યં જ્યોતિર્મયો શુદ્ધો, યંહિપશ્યન્તિ ધીરા યતયઃ સંયતાત્માનઃ''** - એટલે આ જ્યોતિર્મય શુદ્ધ આત્મા સત્યથી, તપથી અને

બ્રહ્મચર્યથી મેળવી શકાય છે એટલે જાણી શકાય છે. એ આત્માને સંયમિત આત્માવાળા સાધુપુરૂષો જોઇ શકે છે. આ વેદપદોથી પાંચ ભૂતોથી અલગ આત્મા છે એમ સિદ્ધ થાય છે તેથી શરીર એજ આત્મા છે જાુદો નથી એ તારી માન્યતા બરાબર નથી. વળી **''વિજ્ઞાનઘન એ વૈતેભ્યો ભૂતેભ્યઃ''** એ પદનો અર્થ પણ ઇન્દ્રભૂતિને જે રીતે સમજાવેલ તે રીતે વિસ્તારથી પ્રભુએ વાયુભૂતિને પણ સમજાવ્યો. એ સાંભળી સંશય નાશ પામવાથી પ્રતિબોધ પામેલા એવા વાયુભૂતિ પણ પોતાના પાંચસો વિદ્યાર્થી શિષ્યો સહિત પ્રભુચરણે વિનીત ભાવે નમી પડી, પ્રભુ પાસે દીક્ષા લઇ પ્રભુના શિષ્ય થયા અને પ્રભુ પાસેથી ત્રિપદી પામી, દ્વાદશાંગીની રચના કરી.

વૈશાખ સુદી ૧૧ ના દિવસે સમવસરણમાં જ પોતાના ૫૦૦ શિષ્યો સાથે ૪૨ વર્ષની ઉંમરે દીક્ષા લઇ લીધી. સદાના માટે અણગાર સાધુ બન્યા. ઉંમરમાં પણ તેઓ બન્નેભાઇ કરતા નાના હતા. એમણે ૪૨ વર્ષે દીક્ષા લીધી અને ૨૮ વર્ષ સુધી ચારિત્ર પાળીને ૭૦ વર્ષની ઉંમરે મોક્ષે ગયા. ૨૮ વર્ષના ચારિત્ર પર્યાયમાં પણ તેઓશ્રી ૧૦ વર્ષ છદ્મસ્થ રહ્યા. અને ૧૮ વર્ષ કેવળી પણે વિચર્યા. ઉંમરમાં ભલે બન્ને મોટાભાઇ કરતા નાના હતા. પરન્તુ કેવળી પર્યાયમાં તેઓ બન્ને કરતા મોટા હતા.

ચોથા આરામાં જન્મેલા અને વજ્રઋષભનારાચ સંઘયણ તથા સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા પૂજ્યવાયુભૂતિગૌતમ ૭૦ વર્ષની અંતિમ ઉંમરે રાજગૃહી પધારીને છેલ્લી ૧ માસની સંલેષણા કરીને ભગવાન મહાવીરની હયાતીમાં જ નિર્વાણ પામ્યા. મોક્ષે ગયા.



# (લઘુ સંગ્રહણી) જૈન ભૂગોળ

- આ. હરિભદ્રસૂરિ મ.

જૈન વિજ્ઞાન અપૂર્વ-અદ્ભૂત જ્ઞાનનો ખજાનો છે. ચાર શરણનો સ્વીકાર કરતાં આપણે **''કેવલી પન્નત્તં ધમ્મં શરણં પવજ્જામિ''** કહીએ છીએ. આપણો ધર્મ કેવો ? મારો માનેલો ? કોઇએ જણાવેલો ના... ના... મારો ધર્મ તો કેવલી ભગવંતોનો કહેલો છે. એમાં ક્યાં પણ... ક્યારે પણ ક્ષતિ હોય જ નહિ. કેવલી ભગવંતે જે પોતાના અનંત જ્ઞાનમાં જોયું તે જ આપણને જણાવ્યું. કેવળજ્ઞાનના અગાધ સાગરમાંથી શ્રુતજ્ઞાનની ગંગા વહેતી થઇ. એમાંથી પણ આપણા ઉપકાર માટે પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મ. એ સંક્ષિપ્તમાં આપણને બોધ આપ્યો.

આપણા જંબુદ્વીપની પરિધિ કાઢવાની રીત જાણીને હવે આપણે આગળ વધીએ અને જંબુદ્વીપના ક્ષેત્રફળને જાણવા પુરૂષાર્થ આદરીએ.

**सत्तेवय कोडिसया णउआ छप्पन सय सहस्साइं ।**
**चउणउयं च सहस्सा, सयं दिवड्ढं च साहियं ।। ९ ।।**
**गाउअमेगं पनरस-धणुसया तह धणूणि पन्नरस ।**
**सट्ठिं च अंगुलाइं जंबुदीवस्स गणियपयं ।। १० ।।**

**અર્થ-** સાતસો નેવું કરોડ, છપ્પન લાખ, ચોરાણું હજાર એકસો પચાસ યોજનથી અધિક એક ગાઉ, એક હજાર પાંચસો પંદર ધનુષ્યઅને આઠ અંગુલ જંબુદ્વીપનું ક્ષેત્રફળ છે.

## ક્ષેત્રફળ કાઢવાની રીત-

સાતમી ગાથામાં ક્ષેત્રફળ કાઢવાની રીત બતાવતા કહ્યું છે કે ''પરિધિને વ્યાસના ''પા'' ૧/૪ ભાગ વડે ગુણવાથી ગોળવસ્તુનું ક્ષેત્રફળ આવે છે.

પરિધિ × ''પા'' વ્યાસ = ક્ષેત્રફળ

૩૧૬૨૨૭ (યોજન) ૩ (ગાઉ) ૧૨૮ (ધનુષ્ય)૧૩ાા (અંગુલ) × ૨૫૦૦૦ ('પા'વ્યાસ) =

૧) યોજન - ૩૧૬૨૨૭ × ૨૫૦૦૦ = ૭૯૦૫૬૭૫૦૦૦ યોજન.

૨) ગાઉ - ૩ × ૨૫૦૦૦ = ૭૫૦૦૦ ગાઉ.

૩) ધનુષ્ય - ૧૨૮ × ૨૫૦૦૦ = ૩૨૦૦૦૦૦ ધનુષ્ય

૪) અંગુલ - ૧૩ાા × ૨૫૦૦૦ = ૩૩૭૫૦૦ અંગુલ.

ઉપર છુટા-છુટા આવેલા જવાબોને સાથે સાંકળી લેવા આપણે શું કરવું જોઇએ ?

હવે અંગુલ, ધનુષ્ય ગાઉને યોજનમાં પરિવર્તીત કરીએ. ૯૬ અંગુલનો એક ધનુષ્ય થાય છે. તેથી અંગુલને ૯૬ થી ભાગકાર કરતાં - ૩૩૭૫૦૦ ÷ ૯૬ = ૩૫૧૫ $\frac{૬૦}{૯૬}$ ધનુષ્ય.

પૂર્વના ધનુષ્યમાં આ ધનુષ્ય ભેળવી એના ગાઉ કરવા ૨૦૦૦ થી ભાગકાર કરતાં - ૩૨૦૦૦૦૦ + ૩૫૧૫ = ૩૨૦૩૫૧૫ ÷ ૨૦૦૦ = ૧૬૦૧ $\frac{૧૫૧૫}{૨૦૦૦}$ ગાઉ

પૂર્વના ગાઉમાં આ ગાઉ ભેળવી એના યોજન કરવા ૪ થી ભાગાકાર કરતાં -

૭૫૦૦૦ + ૧૬૦૧ = ૭૬૬૦૧ ÷ ૪ = ૧૯૧૫૦ $\frac{૧}{૪}$ યોજન

પૂર્વના યોજનમાં આ યોજન ભેળવતાં -

૭૯૦૫૬૭૫૦૦૦ + ૧૯૧૫૦ = ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન

એટલે જંબુદ્વીપનું કુલ ક્ષેત્રફળ આવશે - ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન ૧ ગાઉ ૧૫૧૫ ધનુષ્ય ૬૦ અંગુલ.

જંબુદ્વીપની પરિધિ અને ક્ષેત્રફળ તો આપણે જાણી લીધા. પરંતુ આ જંબુદ્વીપમાં શું શું છે? ક્યાં શું છે? એની જાણકારી મેળવવા આપણે સવિશેષ પ્રયત્ન કરવાનો છે. પ્રથમ આ લઘુ સંગ્રહણીમાં વાસક્ષેત્રનો વિચાર કરવામાં આવ્યો છે એ જાણવા આગળ વધીશું.

**भरहाइ सत्त वासा, वियड्ढ चउ चउरतिंस वट्टि यरे ।**
**सोलस वक्खारगिरि, दो चित्त विचित्त दो जमगा ।। ११ ।।**
**दोसय कणयगिरीणं, चउ गयदंता य तह सुमेरु अ ।**
**छ वासहरा पिंडे, एगुणसत्तरि सया दुन्नी ।। १२ ।।**

**ગાથાર્થ :-** ભરત વગેરે સાત વાસક્ષેત્રો (રહેઠાણો) છે.

ચાર ગોળ અને ચોત્રીસ ઇતર એટલે દિર્ઘ વૈતાઢ્ય પર્વતો છે... સોળ વક્ષસ્કાર પર્વતો છે... બે ચિત્ર અને વિચિત્ર તથા બે યમક (સમક) પર્વતો છે.

બસો કંચનગિરિ, ચાર ગજદન્તગિરિ, મેરુપર્વતો અને છ વર્ષધર પર્વત એમ કુલ બસો ઓગણોસિત્તેર પર્વતો છે.


## વાસક્ષેત્રો

જંબુદ્વીપમાં કુલ સાત વાસક્ષેત્રો છે.

જંબુદ્વીપના મધ્યમાં મહાવિદેહ ક્ષેત્ર છે એની બન્ને બાજુ ત્રણ ત્રણ ક્ષેત્રો છે.

મહાવિદેહના ઉત્તરમાં રમ્યક્ક્ષેત્ર, હિરણ્યવંત ક્ષેત્ર અને ઐરાવતક્ષેત્ર છે.

મહાવિદેહના દક્ષિણમાં હરિવર્ષક્ષેત્ર, હિમવંત ક્ષેત્ર અને ભરત ક્ષેત્ર છે.




## જંબુદ્વીપના સાત વાસક્ષેત્રો

મહાવિદેહ ક્ષેત્ર એક લાખ યોજન પૂર્વ-પશ્ચિમ લાંબુ છે. બન્ને બાજુના ક્ષેત્રોની લંબાઇ સમાન નથી ઉપર જણાવેલા સાત ક્ષેત્રોના નામો શાશ્વત છે. ક્ષેત્રના નામ એ એ ક્ષેત્રના અધિષ્ઠાયક દેવોના નામ ઉપરથી રાખવામાં આવેલ છે. ક્ષેત્રના નામ અને અધિષ્ઠાયક દેવનું નામ સમાન જ છે.

આ સાત ક્ષેત્રમાંથી મહાવિદેહ ક્ષેત્ર (દેવકુરુ અને ઉત્તર કુરુ સિવાય) ભરતક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્ર આ ત્રણે કર્મભૂમિ છે.

આ સાત ક્ષેત્રમાંથી બાકી રહેલી હિમવંત, હરિવર્ષ, રમ્યક્ અને હૈરણ્યવંત આ ચાર ક્ષેત્ર અકર્મભૂમિ છે.

જ્યાં અસિ (શસ્ત્ર કલા), મસિ (લેખન કલા) અને કૃષિ (ખેતીની કલા)નો વ્યવહાર ચાલતો હોય,

## કર્મ ભૂમિ - અકર્મ ભૂમિનું ચિત્ર




સમાજ વ્યવસ્થા હોય, રાજ્ય વ્યવસ્થા હોય. લગ્ન-ભોજન એવં ધર્મ વ્યવસ્થા (સર્વ કાળ અથવા મર્યાદિત કાળ) હોય તે કર્મભૂમિ કહેવાય છે. આયુષ્ય પૂર્ણ થતાં જીવો પાંચે ગતિમાં જનારા હોય છે.

જે ક્ષેત્રમાં ઉપરોક્ત વ્યવસ્થા ન હોય, યુગલિયા રૂપે જન્મતા ભાઇ-બહેન, પતિ-પત્ની ભાવથી રહેતા હોય, શરીર સ્વરૂપવંત અને લક્ષણવંત હોય, જીવનની તમામ ભોગ-ઉપભોગની સામગ્રી કલ્પવૃક્ષથી પ્રાપ્ત થતી હોય તે ક્ષેત્ર યુગલિક ક્ષેત્ર અથવા અકર્મભૂમિ કહેવાય છે.. આયુષ્ય પૂર્ણ કરી જીવો દેવલોકમાં જાય છે.

સાત વાસક્ષેત્રો

| નં. વાસક્ષેત્રનું નામ | આકાર | સ્પર્શ | પ્રમાણ. |
|---|---|---|---|
| **૧. ભરત ક્ષેત્ર** | **રોટલાની સ્હેજ ભાંગેલીકોર જેવો.** | **ત્રણ બાજુ લવણસમુદ્ર** | **૫૨૬ ૬/૧૯** |
| **૨. હિમવંત ક્ષેત્ર** | **પલંગ જેવો લંબચોરસ** | **પૂર્વ-પશ્ચિમ લવણ સમુદ્ર** | **૨૧૦૫ ૫/૧૯** |
| **૩. હરિવર્ષ ક્ષેત્ર** | ’’ | ’’ | **૮૪૨૧ ૧/૧૯** |
| **૪. મહાવિદેહ ક્ષેત્ર** | ’’ | ’’ | **૩૩૬૮૪ ૪/૧૯** |
| **૫. રમ્યક્ ક્ષેત્ર** | ’’ | ’’ | **૮૪૨૧ ૧/૧૯** |
| **૬. હૈરણ્યવંત ક્ષેત્ર** | ’’ | ’’ | **૨૧૦૫ ૫/૧૯** |
| **૭. ઐરાવત ક્ષેત્ર** | **રોટલીની સ્હેજ ભાંગેલી કોર જેવો** | **ત્રણ બાજુ લવણ સમુદ્ર** | **૫૨૬ ૬/૧૯** |

# શ્રાવક દિનકૃત્ય
## જિન દર્શન

દેવાધિદેવ જિનેશ્વર પરમાત્માના દર્શન એ જિન શાસનમાં પ્રવેશવાનું દ્વાર છે. જિન શાસનના અભ્યાસનો પ્રારંભ જિનેશ્વર પરમાત્માના દર્શનથી થાય છે. જિનેશ્વર પરમાત્માનો અનુયાયી હોય તેજ જૈન કહેવાય. એટલે જે જૈન હોય એને પોતાના આરાધ્ય દેવ જિનેશ્વર પરમાત્માના દર્શન નિયમિત કરવાજ જોઈએ... અને એ જિનેશ્વર પરમાત્માના દર્શનમાં કેવી અદ્‌ભૂત શક્તિ છે–

**दर्शनं देव देवस्य, दर्शनं पाप नाशनम् । दर्शनं स्वर्ग सोपानं, दर्शनं मोक्ष साधनम् ।।**

દેવાધિદેવનું દર્શન પાપનો નાશ કરાવે છે... સ્વર્ગ–અપવર્ગનું પગથિયું છે... પરંપરાએ મોક્ષનું સાધન છે...

આ પ્રમાણે જિન–દર્શનનું મહત્વ... એનાથી થતા લાભનું વર્ણન વિસ્તારથી કરતાં જણાવે છે...

૧) શ્રી જિનેશ્વર પરમાત્માના જિનાલયમાં જવાની ઇચ્છા થાય ત્યાં એક ઉપવાસનો લાભ થાય છે.... ૨) શ્રી જિનમંદિરે જવા માટે ઉભો થાય ત્યાં બે ઉપવાસનો લાભ થાય છે. ૩) શ્રી જિનમંદિર જવા તૈયાર થાય ત્યાં ત્રણ ઉપવાસનો લાભ થાય છે... ૪)શ્રી જિનમંદિરે જવા પગલું ભરે ત્યાં ચાર ઉપવાસનો લાભ થાય છે.. ૫) જિનમંદિર તરફ ચાલતાં ચાલતાં પાંચ ઉપવાસનો લાભ થાય છે. ૬) શ્રી જિનમંદિરના અર્ધે રસ્તે પહોંચતા પંદર ઉપવાસનો લાભ થાય છે. ૭) શ્રી જિનમંદિરના દર્શન કરવા માત્રથી ત્રીસ ઉપવાસનો લાભ થાય છે....૮) શ્રી જિનમંદિર પાસે પહોંચવાથી છ મહિનાના ઉપવાસનો લાભ થાય છે... ૯) શ્રી જિનમંદિરના દરવાજા પાસે પહોંચતા બાર મહિનાના ઉપવાસનો લાભ થાય છે. ૧૦) શ્રી જિનેશ્વર પ્રતિમાને પ્રદક્ષિણા દેતાં સો વર્ષના ઉપવાસનો લાભ થાય છે.. ૧૧) શ્રી જિનેશ્વર પરમાત્માના દર્શન કરતાં હજાર ઉપવાસનો લાભ થાય છે. ૧૨) શ્રી જિન પૂજા કરતાં પુષ્પમાળા ચઢાવતાં અનેક ગણું પુણ્ય પ્રાપ્ત થાય છે... ૧૩) ચામર નૃત્ય ભાવ પૂજા કરતાં અનંતગણું પુણ્ય પ્રાપ્ત થાય છે.

શું જિન દર્શનથી આવા અદ્‌ભૂત લાભની પ્રાપ્તિ થઇ શકે છે ? હા !.. પરમાત્મ દર્શનથી... દર્શનની ભાવનાથી અંતરમાં હૃદયમાં જે શુભ અને શુદ્ધ ભાવોની પરંપરા નિર્માણ થાય છે એ ભાવો જેમ જેમ વધતા જાય છે તેમ તેમ વધારે ને વધારે પુણ્યની પ્રાપ્તિ થતી જાય છે... જે જિનદર્શનમાં મુક્તિ સુખની પ્રાપ્તિ કરાવવાની તાકાત છે એનાથી પ્રચંડ પુણ્યની પ્રાપ્તિ તો સહજ છે... એમાં શંકા કરવાનું કોઇ જ કારણ નથી...

## દેરાસરમાં જવાનો વિધિ

દેવાધિદેવના દર્શન કરવા જનાર શ્રાવક પોતાની સર્વ ઋદ્ધિથી, સર્વ દિપ્તિ (કાંતિ)થી, સર્વ શક્તિથી, સર્વ બળથી સર્વ પરાક્રમથી, જૈન શાસનનો મહિમા વધે એ રીતે વિધિપૂર્વક ઉચિત ચિંતવણા કરતો કરતો

દેરાસર જાય... પ્રભુજીના દર્શન, વંદન પૂજા કરવા જાય.

એકદા પ્રભુ મહાવીર નગરી બહાર પધાર્યા ત્યારે દશાર્ણભદ્ર રાજાએ અભિમાનથી વિચાર કર્યો કે જેવી રીતે કોઇએ પણ વીતરાગને વાંદ્યા ન હોય એવા ઠાઠમાઠથી હું વાંદવા જાઉં. એમ વિચારીને પોતાની સર્વ ઋદ્ધિ સહિત, પોતાના સર્વ પુરૂષોને યથાયોગ્ય શૃંગાર પહેરાવીને તથા દરેક હાથીના દંતશુળ ઉપર સોના રૂપાના શૃંગાર પહેરાવીને ચતુરંગીણી સેના સહિત પોતાના અંતેઉરીઓને વળી સોના-રૂપાની પાલખીઓ અને અંબાડીઓમાં બેસાડીને સર્વને સાથે લઇ ઘણાજ ઠાઠથી ભગવંતને વાંદવા આવ્યો. તે વખતે પોતાના સાધર્મિકના અભિમાનને દૂર કરવા માટે સૌધર્મેન્દ્રે શ્રી વીરને વંદવા આવતાં દૈવીક ઋદ્ધિની વિકુર્વણા (રચના) કરી.

દરેકને પાંચસો ને બાર મસ્તક એવા ચોસઠ હજાર હાથી બનાવ્યા... તેના એક એક મસ્તકે (કુંભસ્થળે) આઠ આઠ દંતશુળ એક એક દંતશુળે આઠ આઠ વાવો.. એકેક વાવમાં એક લાખ પાંખડીવાળા આઠ-આઠ કમળ, દરેક કમળે, એક એક કર્ણિકા અને તેના ઉપર પ્રાસાદવતંસક છે.. એક એક પાંખડીએ દરેકમાં બત્રીસબદ્ધ નાટકની સાથે ગીત-ગાન થઇ રહ્યા છે. આવા વિવિધ પ્રકારના આશ્ચર્યકારક દેખાવથી પોતાની આઠ-આઠ અગ્રમહિષીઓ (પટરાણીઓ)ની સાથે દરેકમાં એકેક રૂપે ઐરાવત હાથી ઉપર બેઠેલા સૌધર્મેન્દ્ર અત્યાનંદ પૂર્વક દૈવીક બત્રીસબદ્ધ નાટક જુએ છે. આવા પ્રકારના ઘણા ઠાઠમાઠવાળી રચના કરીને જ્યારે અનેક રુપને ધારણ કરનાર ઇન્દ્ર આકાશથી નીચે ઉતરીને ભગવાનને વંદન કરવા લાગ્યો ત્યારે ઇન્દ્રની ઋદ્ધિ જોઇને દશાર્ણભદ્ર રાજાનો અભિમાન ઉતરી ગયો તે ખેદ કરવા લાગ્યો અને ખેદ કરતાં ખેદનું કારણ અભિમાન જાણીને વૈરાગ્ય પામ્યો. ભગવંતની પાસે આવી હાથ જોડી પોતાની વાત જણાવીને કહ્યું -''ખરેખર આ અસાર સંસારમાં જે જે કષાય છે, તે તે જ આત્માને દુઃખદાયીજ છે. જ્યારે મેં આટલો બધો અભિમાન કર્યો, ત્યારે મને એનાજ તરફથી આટલો ખેદ કરવો પડ્યો. આ સંસારમાં કોઇ કોઇનું નથી. આ મારી આટલી રાજઋદ્ધિ શા કામની ? આ મારી રાજઋદ્ધિ અને આ મારો પરિવાર બધો છેવટે દુઃખદાયી લાગવાને લીધે તેનાથી હવે હું બાહ્ય અને અભ્યંતરથી મુક્ત થવા માગુ છું માટે સ્વામી હવે મને આપની ચરણ સેવા આપી મારો ઉદ્ધાર કરો.''

આમ કહીને દશાર્ણભદ્રરાજાએ તત્કાળ દીક્ષા લીધી.

આ જોઇને સૌધર્મેન્દ્ર ઉઠીને દશાર્ણભદ્ર રાજર્ષિને વંદના કરીને બોલવા લાગ્યા - ''તમે તમારી પ્રતિજ્ઞા સિદ્ધ જ કરી. હું આવી ઋદ્ધિ બનાવવા સમર્થ છું પણ જેમ તમે આ બાહ્યાંભ્યંતર, પરિગ્રહનો ત્યાગ કરી દીધો તેમ હું ત્યાગ કરવા સમર્થ નથી. માટે હે મુનિરાજ ! તમને ધન્ય છે.''

આવા પ્રકારે બીજાને ધર્મ પમાડવા તથા શાસનની પ્રભાવના કરવા ઋદ્ધિવંત શ્રાવકે આડંબર સહિત દેરાસરે દર્શન કરવા જવું જોઇએ. સામાન્ય સંપદાવાળા શ્રાવકોએ અહંકારને ત્યજી વિનયવંત થઇને કુળાચાર અને સંપદા અનુસાર વસ્ત્ર-આભુષણનો આડંબર કરીને પોતાના ભાઇ-મિત્ર-સ્વજન સમુદાયને સાથે લઇને દેવાધિદેવના દર્શન કરવા જવું જોઇએ.

# દેરાસરમાં પ્રવેશ કરવાનો ક્રમ

**आश्रयन् दक्षिणां शाखां, पुमान, योषित्वदक्षिणां । यत: पूर्वप्रविश्यांत, र्दक्षिणेनांर्हिणा तत: ।।**

દેરાસરની જમણી દિશાની શાખાને આશ્રયિને જમણા પડખાથી પુરુષોએ દેરાસરમાં પ્રવેશ કરવો, અને ડાબી બાજુની શાખાને આશ્રયિને સ્ત્રીઓએ ડાબા પડખાથી દેરાસરમાં પ્રવેશ કરવો. પણ દેરાસરના દરવાજા આગળનાં પહેલા પગથીયા ઉપર સ્ત્રી અથવા પુરુષે જમણો પગ મૂકીને ઉપર ચઢવું. આ અનુક્રમ સ્ત્રી-પુરુષો માટે એક સરખો જ છે.

હવે શ્રાવક મન-વચન-કાયાથી ઘરના વ્યાપાર (ચિંતવન) આદિનો ત્યાગ કરવા નિસ્સિહી બોલીને જિનાલયમાં પ્રવેશ કરે. **नमो जिणाणं** બોલીને મૂળનાયકના દર્શન કરતો થકો અર્ધા અવનત (જરા નીચો વળીને) પ્રણામ કરે. ભક્તિથી ઉલ્લસિત થયેલા મનથી એકાગ્ર ચિત્તે દેવાધિદેવના દર્શન કરી ધન્યતા અનુભવે.'

હવે બે હાથ જોડીને પગલે પગલે જીવરક્ષાનો ઉપયોગ રાખતો જિનેશ્વર ભગવંતના ગુણમાં એકાગ્ર મનવાળો થઇને ભગવાનને પોતાના જમણે અંગે રાખીને જ્ઞાન-દર્શન ચારિત્રની પ્રાપ્તિ માટે ત્રણ પ્રદક્ષિણા આપે. પ્રદક્ષિણા દેતાં સમવસરણની પેઠે ચાર રૂપે શ્રી વીતરાગને ધ્યાવા. ગભારાની પાછળ તેમજ જમણા-ડાબા પાસામાં ત્રણ દિશે રહેલા ત્રણ બિંબને (મંગલ મૂર્તિઓને) વંદન કરે એટલા માટે સર્વ દેરાસરના મુળ ગભારાના ત્રણ દિશામાં મૂળનાયકના નામના બિંબ પ્રાયઃ કરીને સ્થાપન કરેલા હોય છે. અને જો એમ કરેલું ન હોય તો પણ પોતાના મનમાં કલ્પના કરીને મૂળનાયકના નામથી ધ્યાન કરે.

ત્રણ પ્રદક્ષિણા આપીને હર્ષોલ્લાસથી મુખકોશ બાંધીને જિનરાજની પ્રતિમાના આગલા દિવસના ચઢાવેલ નિર્માલ્ય ઉતારી, મોરપીંછીથી પ્રભુને પ્રમાર્જના કરે. ઉતારેલા નિર્માલ્યને પવિત્ર, નિર્જીવ સ્થાનકે, કુંથુવા પ્રમુખની ઉત્પત્તિ ન થાય એવી જગ્યાએ જયણાપૂર્વક નખાવવાનો ઉપયોગ જાળવે. નિર્માલ્ય અને સ્નાત્રજળ એક જ સ્થાને ન નાખે જેથી આશાતનાનો સંભવ ન રહે.

# કર્મવિજ્ઞાન

(આધાર ગ્રંથ - ''કર્મ વિપાક'' (પ્રથમ કર્મગ્રંથ)

આ. દેવેન્દ્રસૂરિ મ.

## દર્શનાવરણીય કર્મ

દર્શનાવરણીય કર્મના નવ ભેદ છે - ચાર દર્શનના આવરણ અને પાંચ નિદ્રા.

આ દર્શનાવરણીય કર્મ પ્રતિહારી એટલે દ્વારપાળ જેવું છે. દ્વારપાળે અટકાવ્યો વ્યક્તિ જેમ રાજાના દર્શન ન પામે તેમ દર્શનાવરણીય કર્મથી આવરેલી વ્યક્તિ જેવા છે તેવા પદાર્થનું દર્શન ન પામે. (વસ્તુના સાચા સ્વરૂપને ન સમજે.)

**चक्खु-दिट्ठि-अचक्खु-सेसिंदिअ -ओहि केवले हिं च ।**
**दंसण मिह सामन्नं तस्सा-ऽ वरणं तयं चउ - हा ।। १० ।।**

**ગાથાર્થ :-** ચક્ષુ (આંખ), અચક્ષુ (બાકીની ઈન્દ્રિયો), અવધિ અને કેવળ વડે સામાન્ય જ્ઞાન તે અહીં દર્શન. તેનું જે આવરણ તે ચાર પ્રકારે છે.

૧) ચક્ષુ એટલે આંખથી જોવું તે ચક્ષુદર્શન કહેવાય.

૨) બાકી ચાર ઈન્દ્રિય અને મન કરી જોવું તે અચક્ષુદર્શન કહેવાય.

૩) અવધિદર્શન - અવધિજ્ઞાનની પૂર્વે થતો રૂપી દ્રવ્ય વિષયી સામાન્ય બોધ તે અવધિદર્શન કહેવાય.

૪) કેવળદર્શન - લોકાલોકના સર્વ ભાવ વિષયક સામાન્ય બોધને કેવળદર્શન કહેવાય. (સામાન્યોપયોગ તે સામાન્ય પણે જોવું તે દર્શન કહેવાય. વિશેષોપયોગ તે વિશેષપણે જાણવું તે જ્ઞાન કહેવાય)

છદ્મસ્થ જીવોને પ્રથમ દર્શનોપયોગ હોય પછી જ્ઞાનોપયોગ હોય જ્યારે કેવળજ્ઞાનીને પ્રથમ જ્ઞાનોપયોગ હોય પછી દર્શનોપયોગ હોય છે.

ચક્ષુદર્શનને આવરે તે **ચક્ષુદર્શનાવરણીય કર્મ.**

અચક્ષુદર્શનને આવરે તે **અચક્ષુદર્શનાવરણીય કર્મ.**

અવધિદર્શનને આવરે તે **અવધિદર્શનાવરણીય કર્મ.**

કેવળદર્શનને આવરે તે **કેવળદર્શનાવરણીય કર્મ.**

એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિયને મૂળથી ચક્ષુ હોય જ નહિ તે ચક્ષુદર્શનાવરણીયના ઉદયથી.

ચઉરેન્દ્રિય અને પંચેન્દ્રિયને ચક્ષુ હોય પણ અંધકારમાં ન દેખાય- ઓછું દેખાય - ચક્ષુ તેજહિન બને આ બધામાં ચક્ષુદર્શનાવરણીયનો ઉદય જ કામ કરે છે.

પંચેન્દ્રિયને પાંચે પાંચ ઇન્દ્રિય પૂર્ણ હોય... છતાં એમાં ક્યાંક અધુરાશ હોય... જેથી મુંગા-બહેરા થાય તે અચક્ષુદર્શનાવરણીયનો ઉદય કહેવાય.

અવધિદર્શન કે કેવલદર્શનની પ્રાપ્તિ ન થાય તેમાં અવધિદર્શનાવરણીય અને કેવલદર્શનાવરણીય કર્મનો ઉદય કામ કરે છે.

અવધિદર્શનાવરણીય-કેવલદર્શનાવરણીય કર્મ છે તો મનઃ પર્યવદર્શનાવરણીય કેમ નહિં? એવો પ્રશ્ન સહજ છે. પરંતુ શાસ્ત્રો અનુસાર મનઃપર્યવજ્ઞાનમાં જે ગ્રહણ કરાય છે તે વિશેષોપયોગ છે ત્યાં સામાન્યોપયોગ ન હોવાથી દર્શન નથી જ્ઞાન જ છે.

## પાંચ નિદ્રા

**सुह – पडिबोहा निद्दा, निद्दा–निद्दाय दुक्ख – पडिबोहा ।**

**पयला ठिओवविट्ठस्स पयल – पयला उ चंकमओ ।। ११ ।।**

**ગાથાર્થ :–** જેમાં સહેલાઇથી જાગી શકાય તે નિદ્રા, મુશ્કેલીથી જાગી શકાય તે નિદ્રાનિદ્રા, ઉભા રહેલા કે બેઠેલાને આવે તે પ્રચલા અને ચાલતાં ને આવે તે પ્રચલા-પ્રચલા

સહજતાથી જરાક અવાજ થતાં જ સહેલાઇથી જાગી જાય તે **નિદ્રા** કહેવાય.

ઘણું જ જગાડ્યા પછી પણ દુઃખે કરીને જાગે તે **નિદ્રાનિદ્રા** કહેવાય.

ઉભા ઉભા કે બેઠા બેઠાં ઉંઘ કરે તે **પ્રચલા** કહેવાય.

પ્રચલાથી પણ ગાઢ, ચાલતાચાલતા પણ ઉંઘે તે **પ્રચલા-પ્રચલા** કહેવાય.

આપણી નિદ્રા કેવી છે ?

કોઇના પગરવ થાય અને સુખે જાગી જઇએ ?

ઢોલ-નગારા વાગે તો પણ ખબર ન પડે ?

સામાયિકમાં માળા ગણતાં કે વ્યાખ્યાન સાંભળતા ઉંઘ કરી લઇએ ?

પૂજાની કે બસની લાઇનમાં ઉભા ઉભા ઝોકું ખાઇ લઇએ ?

ઉંઘમાં ચાલવાની કે ચાલતા ચાલતા ઉંઘ કરવાની ટેવ નથી ને ?

ઉંઘ અને આળસ વધાર્યા વધે અને ઘટાડ્યા ઘટે. આપણો પ્રયાસ ઉંઘ ઘટાડવાનો કે વધારવાનો? વધારે ઉંઘ કરવાથી પણ દર્શનાવરણીય કર્મ બંધાય છે.

હવે પાંચમી ભયાનક નિદ્રા જણાવે છે-

**दिण चिंतिअत्थ करणी थीणद्धी अद्ध–चक्की अद्ध बला ।**

**महु लित्त खग्ग धारा लिहणं व दु हा उ वेअणिअं ।। १२ ।।**

ગાથાર્થ :– અર્ધ ચક્રવર્તીના અરધા બળવાળી થિણદ્ધિ નિદ્રા દિવસે વિચારેલું કામ કરાવે છે.

મધથી લીંપાયેલી તલવારની ધાર ચાટવા જેવું બે પ્રકારે વેદનીય કર્મ છે.

દિવસમાં કોઇ કાર્ય ચિંતવેલ હોય એને કરવાની પોતાની શક્તિ ન હોય. અશક્ય જણાતું હોય તે કાર્ય રાતે ઉંઘમાં કરે છતાં જાગે નહીઃ વજ્રઋષભ નારાચ સંઘયણવાળાને આ નિદ્રા હોય ત્યારે અર્ધ ચક્રવર્તી કરતા અડધું બળ હોય છે.

છેવટ્ઠા સંઘયણ વાળાને પણ બમણું-ત્રમણું બળ વધે છે. આવી નિદ્રાવાળો જીવ પ્રાયઃ નરકમાં જાય છે.

સુખે જાગી શકાય તેવી નિદ્રા લાવી દર્શનશક્તિને ઢાંકનાર કર્મ તે **નિદ્રા દર્શનાવરણીય કર્મ.**

મુશ્કેલીથી જાગી શકાય તેવી ઘણી નિદ્રા લાવી ખુલ્લી રહેલી દર્શનશક્તિને ઢાંકનાર કર્મ ને **નિદ્રા નિદ્રા દર્શનાવરણીય કર્મ.**

ઉભા કે બેઠા ઉંઘ આવી જાય એવી રીતે ખુલ્લી રહેલી દર્શનશક્તિને ઢાંકરનાર કર્મ તે **પ્રચલા દર્શનાવરણીય કર્મ.**

ચાલતાં ચાલતાં ઉંઘઆવી જાય એવી રીતે ખુલ્લી રહેલી દર્શનશક્તિને ઢાંકરનાર કર્મ તે **પ્રચલા-પ્રચલા દર્શનાવરણીય કર્મ.**

દિવસે ચિંતવેલું કાર્ય ઉંઘમાં કરી નાંખવા છતાં જાગી ન શકે એવી રીતે ખુલ્લી રહેલી દર્શનશક્તિને ઢાંકનાર કર્મ તે **થિણદ્ધિદર્શનાવરણીય કર્મ.**

## વેદનીય કર્મ

મધથી ખરડાયેલી તલવારને ચાટવા સમાન વેદનીય કર્મ છે. તલવારને ચાંટતાં પ્રથમ મધનો સ્વાદ આવે ત્યાં સુધી જીવ સુખ અનુભવે પરંતુ જ્યારે જીભ કપાય ત્યારે જીવ દુઃખ અનુભવ છે તેવી જ રીતે ઇન્દ્રિયોના ભોગો ભોગવતાં જીવ સુખને અનુભવે પરંતુ એના વિરહ અથવા વિપાકમાં દુઃખ અનુભવે છે.

પાંચે ઇન્દ્રિયોના મનગમતા વિષયોના ઉપભોગથી એક જાતના સુખનો અનુભવ મનાવનાર કર્મ તે **સાતા વેદનીય કર્મ**.

પાંચે ઇન્દ્રિયોના મનગમતા વિષયોના વિરહમાં અને ઇન્દ્રિયોના અણગમતા વિષયોના સંયોગથી એક પ્રકારના દુઃખનો કંટાળાનો અનુભવ મનાવનાર કર્મ તે **અસાતા વેદનીય કર્મ.**

**ओसन्नं सुर-मणुए, सायम-सायं तु तिरिअ-निरएसु ।**
**मज्जं व मोहणीअं, दु विहं दंसण-चरण मोहा ।।१३।।**

ગાથાર્થ :- પ્રાયઃ કરીને દેવ અને મનુષ્યોમાં સાતા અને નારક અને તિર્યંચોમાંઅસાતા હોય છે.

દર્શનમોહ અને ચારિત્ર મોહની અપેક્ષાએ બે પ્રકારે મદિરા જેવું મોહનીય કર્મ છે.

પ્રાયઃ કરીને દેવ-મનુષ્યને શાતા કહી છતાં એકાંત નથી દેવલોકમાં પણ ઇર્ષ્યા આદિના કારણે દુઃખ છે. મનુષ્યભવમાં પણ રોગ-શોક-ગર્ભવેદના -જન્મ-મૃત્યુ આદિમાં અશાતા છે. નારક અને તિર્યંચને દુઃખ -

અશાતા હોવા છતાં જિનેશ્વર પરમાત્માના કલ્યાણકોમાં સાતા હોય છે. તિર્યંચો પણ ગાડીમાં ફરતા અને સુખ ભોગવતાં જોવા મળે છે. જ્યાં તે સાતા અનુભવે છે.

પરંતુ દેવ-મનુષ્યને સાતા વધુ-અશાતા ઓછી સંભવે.

નારક -તિર્યંચને અસાતા વધુ-સાતા ઓછી સંભવે.

## મોહનીય કર્મ

મોહનીય કર્મને કર્માધિરાજ... કર્મનો રાજા કહેવામાં આવ્યું છે. આ મોહનીય કર્મ મદિરા પાન સમાન છે.

કોઇ વ્યક્તિ મદિરાપાન કરે એટલે એના ઉપર મદિરાનો નશો છવાઇ જાય. આવી વ્યક્તિ શું કરવા જેવું? શું ન કરવા જેવું ? એનો વિવેક ગુમાવી બેસે છે. ન બોલવાનું બોલે... ન કરવાનું કરે. આ જીવની ઉપર જ્યારે જ્યારે મોહનો નશો છવાઇ જાય છે ત્યારે એ પણ ધાર્મિક કે અધ્યાત્મિક વિવેક ગુમાવી બેસે છે. આત્માના હિતને વિસારીને સંસારીક ભોગમય પ્રવૃત્તિમાં લીન બને છે.

**જીવને મુંઝાવે... વિવેકથી વિકળ કરે તે મોહનીય કર્મ છે.**

આ મોહનીય કર્મના બે પ્રકાર છે.-

(૧) દર્શન મોહનીય અને (૨) ચારિત્ર મોહનીય.

યથાવસ્થિત જીવાજીવાદિ તત્ત્વનું શ્રદ્ધાન તે **દર્શન** કહેવાય. તેમાં મુંઝવે તે **દર્શન મોહનીય.**

**ચારિત્ર** એટલે શુદ્ધ આચરણ. તેમાં મુંઝવે તે **ચારિત્ર મોહનીય.**

दंसण मोहं ति-विहं सम्मं मीसं तहेव मिच्छत्तं ।

सुद्धं अद्ध-विसुद्धं, अ विसुद्धं तं हवइ कमसो ।। १४ ।।

**ગાથાર્થ -** દર્શન મોહનીય ત્રણ પ્રકારે છે- સમ્યક્ત્વ, મિશ્ર અને મિથ્યાત્વ તે અનુક્રમે શુદ્ધ-અર્ધશુદ્ધ અને અશુદ્ધ હોય છે.

સમ્યક્ત્વમાં મુંઝાવે તે **સમ્યક્ત્વ મોહનીય** છે..

મિશ્રપણામાં મુંઝવે તે **મિશ્ર મોહનીય** છે.

મિથ્યાત્વમાં મુંઝવે તે **મિથ્યાત્વ મોહનીય** છે.

ડાંગરને ખાંડણિયામાં ખાંડવામાં આવે તો ખાંડેલા ડાંગરના ત્રણ ભેદ કરી શકાય- (૧) સંપૂર્ણ ફોતરા રહિત (૨) અર્ધ ફોતરાવાળી અને (૩) જેવી હતી તેવી ફોતરાવાળી.

તેવી જ રીતે આત્મા જ્યારે ઉપશમ સમ્યક્ત્વ પામે ત્યારે અધ્યવસાયના બળથી પૂર્વ બાંધેલા-સત્તામાં રહેલા મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્ગલોના ત્રણ વિભાગ કરે છે.

જે મિથ્યાત્વના પુદ્ગલો શુદ્ધ કર્યા તે **સમ્યક્ત્વ મોહનીય** છે.

જે મિથ્યાત્વના પુદ્ગલો અર્ધા શુદ્ધ અર્ધા મલીન રહ્યા તે **મિશ્ર મોહનીય** છે.

જે મિથ્યાત્વના પુદ્ગલો શુદ્ધ ન થયા મલીનજ રહ્યા તે **મિથ્યાત્વ મોહનીય** છે.

આ ત્રણે કર્મો આત્માના અનંત દર્શનના ગુણને હણે છે... એનો નાશ કરે છે તેથી તે **દર્શન મોહનીય** કહેવાય છે.

जीय-अजीय -पुण्ण-पावा-ऽऽसव संवर बंध-मुक्ख-निज्झरणा ।
जेणं सद्दहइ तयं, सम्मं खइगा- ऽऽइ बहु -भेअं ।। १५ ।।

**ગાથાર્થ :-** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, મોક્ષ અને નિર્જરા (એ નવ તત્વ)ની શ્રદ્ધા થાય તે ક્ષાયિક વગેરે ઘણા ભેદવાળું સમ્યક્ત્વ છે..

ચેતના લક્ષણવાળું **જીવતત્વ** ૧૪ ભેદવાળું છે.

જડ લક્ષણવાળું **અજીવ તત્વ** ૧૪ ભેદવાળું છે.

શુભ પ્રકૃતિનો ઉદય તે **પુણ્યતત્વ** ૪૨ ભેદવાળું છે.

અશુભ પ્રકૃતિનો ઉદય તે **પાપતત્વ** ૮૨ ભેદવાળું છે.

શુભાશુભ કર્મના આવવાના માર્ગ તે **આશ્રવતત્વ** ૪૨ ભેદવાળું છે.

આશ્રવનું રુંધવું (આવતા કર્મોને અટકાવવા) તે **સંવરતત્વ** ૫૭ ભેદવાળું છે.

કર્મનું આત્મ સાથે જોડાવવું તે **બંધતત્વ** ૪ ભેદવાળું છે.

કર્મનો સંપૂર્ણ નાશ (વિયોગ) તે **મોક્ષતત્વ** ૯ ભેદવાળું છે.

કર્મનો અંશથી ત્યાગ તે **નિર્જરાતત્વ** ૧૨ ભેદવાળું છે.

આ નવતત્વની શ્રદ્ધા તે **સમ્યક્ત્વ** કહેવાય છે. આ સમ્યગ્દર્શન (સમ્યક્ત્વ)ના અનેક પ્રકારે ભેદો છે આપણે અહીં મુખ્ય ભેદોનો વિચાર કરીશું. તે પાંચ છે.-

(૧) ક્ષાયિક (૨) ક્ષાયોપશમિક (૩) ઔપશમિક (૪) વેદક અને (૫) સાસ્વાદન.

## (૧) ક્ષાયિક સમ્યક્ત્વ :-

આ અપૌદ્ગલિક શુદ્ધ સમ્યક્ત્વ છે.

ત્રણ દર્શન મોહનીય અને ચાર અનંતાનુબંધી કષાયના સંપૂર્ણ ક્ષયથી આ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. આ સમ્યગ્ દર્શન તીર્થંકર પરમાત્માના સમયમાં વજ્રઋષભનારાચ સંઘયણવાળાને જ થાય છે. મનુષ્યભવમાં જ પામી શકાય એવું આ સમ્યક્ત્વ આવ્યા પછી જતું નથી તેથી સાદિ અનંત છે. સામાન્યતાથી આ સમ્યક્ત્વવાળા જીવ ત્રીજે અથવા પાંચમે ભવે મોક્ષે જાય છે.

## (૨) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ-

આ પૌદગલિક -અશુદ્ધ સમ્યક્ત્વ છે.

ત્રણ દર્શન મોહનીય અને ચાર અનંતાનુબંધી કષાય (દર્શન સપ્તક)ના કાંઇક ક્ષય અને કાંઇક

ઉપશમથી આ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. આ સમ્યક્ત્વ ચોથાથી સાતમા ગુણસ્થાનકે હોય છે. એનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટકાળ સાધિક છાસઠ સાગરોપમ છે.

## (૩) ઔપશમિક સમ્યક્ત્વ -

આ અપૌદ્ગલિક-અશુદ્ધ સમ્યક્ત્વ છે.

ત્રણ દર્શન મોહનીય સત્તામાં હોય છે. પરંતુ આત્મા આ ત્રણેને એવું દબાવે છે કે એની એકે પ્રકૃતિ ઉદયમાં ન આવે અને આત્માની રુચિને ન હણી શકે તે સમયે આત્માનું જે સમ્યક્ત્વ તે ઔપશમિક સમ્યક્ત્વ. જીવને પ્રથમ આ સમ્યક્ત્વની જ પ્રાપ્તિ થાય છે. એનો સમય અંતર્મુહૂર્તનો જ છે. ચોથાથી અગિયારમાં ગુણસ્થાનકે હોય છે.

## (૪) વેદક સમ્યક્ત્વ-

આ પૌદગલિક - અશુદ્ધ સમ્યક્ત્વ છે.

આ ક્ષયોપશમિક સમ્યક્ત્વનો જ એક ભેદ છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને ચાર અનંતાનુબંધી કષાય એમ છનો સર્વથા ક્ષય થાય છે. અને સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય ચાલુ છે. એ પણ ક્ષય જ્યારે અંતિમ ચરણમાં પહોંચે છે ત્યારે એને વેદક સમ્યક્ત્વ કહેવાય છે. પછી તરત ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

## (૫) સાસ્વાદન સમ્યક્ત્વ -

આ અપૌદ્ગલિક-અશુદ્ધ સમ્યક્ત્વ છે.

આ ઔપશમિક સમ્યક્ત્વનો જ એક ભેદ છે. ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી ત્રણ દર્શન મોહનીયનો ઉપશમ થયો હોય છતાં જો ચાર અનંતાનુબંધી નો ઉદય થઇ જાય તો સાસ્વાદન સમ્યકત્વ કહેવાય છે.

સમ્યક્ત્વ પુદગલ શુદ્ધ છે... વિકાર કરતા નથી તો પછી તે સમ્યક્ત્વ મોહનીય કેમ કહેવાય છે.?

સમ્યક્ત્વના પુદ્ગલ શુદ્ધ છે પરંતુ તે મિથ્યાત્વના દળિયા છે. તીવ્ર મોહના ઉદયમાં ફરીથી અશુદ્ધ થઇને મિથ્યાત્વ મોહનીય બને છે તેથી સમ્યક્ત્વના પુદ્ગલ પણ સમ્યક્ત્વ મોહનીય કહેવાય છે.

# વિરતિ પાટિકા વ્રતાધિરાજ

મંત્રનો રાજા નવકાર મંત્ર છે...

તીર્થનો રાજા શત્રુંજય તીર્થ છે...

પર્વનો રાજા પર્યુષણ પર્વ છે...

કર્મનો રાજા મોહનીય કર્મ છે...

તો સર્વ વ્રતોનો રાજા શીલ વ્રત છે...

આ વાત આપણા હૃદયમાં સુવર્ણાક્ષરે લખી રાખવા જેવી છે... જ્યાં શીલ સલામત ત્યાં બધું જ સલામત. જ્યાં શીલમાં ચૂક્યા ત્યાં બધું જ નકામું. આવા અણમોલ શીલ માટે શું કહેવાય છે ?-

**यस्तु स्वदारसन्तोषी, विषयेषु विरागवान् ।**

**गृहस्थो ऽ पि स्वशीलेन, यतिकल्पः स कल्प्यते ॥**

જે પુરુષ કામાદિક વિષયોમાં વિશેષ રાગનો ત્યાગ કરી પોતાની સ્ત્રી વિષે સંતોષ માની પ્રવૃત્તિ કરે છે. તે ગૃહસ્થ કોટિમાં વર્તતો હોવા છતાં પણ પોતાના શીલવડે મુનિ સમાન ગણાય છે.

શીલવ્રત પણ બે વિભાગથી છે દેશથી અને સર્વથી. પૂજનીય સાધુ સાધ્વીજી ભગવંતોને નવવાડ પૂર્વક સંપૂર્ણ શીલવ્રતનું પાલન કરવાનું છે. શ્રાવક કે ગૃહસ્થ માટે આ શક્ય ન હોવાથી એના માટે દેશથી''સ્વદારા સંતોષ'' વ્રત જણાવવામાં આવ્યું છે. સ્વસ્ત્રીમાં કે સ્વપતિમાં સંતોષ માની સર્વ પરસ્ત્રીઓને અને પરપુરુષોને માતા-બહેન કે ભાઇ-પિતા સમાન માનવાના છે. જ્યાં સંતોષ છે ત્યાં જ સુખ છે જ્યાં અસંતોષ છે ત્યાં જ દુઃખ છે. માટે જ આ શીલવ્રતમાં પણ સંતોષ મહત્વની ભૂમિકા ભજવે છે. 'સ્વદારા સંતોષ' વ્રતનો પાલક ગૃહસ્થ ઉપર જણાવ્યા પ્રમાણે પોતાના ઉચ્ચ શીલધર્મના કારણે મુની સાધુ સમાન ગણાય છે.

આપણે સ્થુલિભદ્ર અને સુદર્શન શેઠના વારસદાર છીએ...

આપણે વિજય શેઠ અને વિજયા શેઠાણીના સંતાન છીએ...

આર્ય ક્ષેત્રના ઉચ્ચ સંસ્કારોના રક્ષક છીએ...

આપણા દેશના ચોર-લુંટારા અને હત્યારા પણ શીલ-સદાચારના મહાન રક્ષક અને આરાધક

હતા... આપણે તો શ્રાવક છીએ.. મહાવીરના માર્ગને અનુસરનારા છીએ.. આપણા શીલવ્રતમાં ક્યારેય શિથિલતા ન હોય... આપણા શીલ સદાચારમાં ક્યાંય કમી ન હોય. પરમાત્માના શાસનમાં શ્રાવક-શ્રાવિકા માટે બતાવેલા બાર વ્રતોમાં ચોથા અણુવ્રત રૂપે શીલ વ્રતનો પરિચય કરાવી આપણને એના અતિચારોની ઓળખાણ કરાવવાનો પ્રયાસ કર્યો છે. આપણે આ ચોથા અણુવ્રતને એના અતિચારોને વિસ્તારથી જાણી જાણતાં અજાણતાં આપણને લાગતા દોષોથી વિરામ પામીએ. નિર્દોષ જીવનના સ્વામી બનીએ.

ચોથું શીલવ્રત એટલે મૈથુનનો ત્યાગ કરવો. તે બ્રહ્મચર્ય વ્રત છે. તેને વિષે યથાશકિત એટલે પોતાની શક્તિ તે પ્રમાણે વર્તવું. જો પૂર્ણ શક્તિમાન શ્રાવક હોય તો પોતાની તથા પારકી સર્વ પ્રકારની સ્ત્રીને ભોગવવાનો ત્યાગ કરે પરંતુ તેટલી શક્તિ ન હોય તો પણ પોતાની પંચની સાક્ષીએ પરણેલી સ્ત્રીથી સંતોષ રાખવો અને પારકી સ્ત્રીનું વિવર્જન કરવું તે રુપ શીલવ્રત જાણવું. અહિં સ્ત્રીને પુરૂષનું વર્જન જાણવું. એવું વ્રત લીધું છે તેમાં પ્રમાદને પ્રસંગે જે અતિચાર લાગ્યો હોય તે પાંચ અતિચારને શુદ્ધ કરવા. પ્રમાણે (૧) ઈત્વર પરિગૃહિતાગમન, (૨) અપરપરિગૃહિતાગમન, (૩) અનંગક્રિડા (૪) પરવિવાહકરણ અને (૫) કામભોગતીવ્રાભિલાષ.

(૧) કોઇએ વેશ્યાઆદિને થોડા સમય માટે (માસ- છ માસ) દ્રવ્યાદિક આપીને પોતે ગ્રહણ કરી રાખેલી હોય તેને ઇત્વર પરિગૃહિતા કહીએ. તેની પાસે જઇને તેની સાથે ગમન વિલાસાદિક કરે તે **ઇત્વરપરિગૃહિતાગમન અતિચાર** કહેવાય. અથવા પોતે વેશ્યાદિકને ભાડુ આપી રાખે અને મનમાં વિચારે કે મેં તો પરસ્ત્રીનો ત્યાગ કર્યો છે પણ આ સ્ત્રી તો કોઇની પરણેલી નથી એમ વિચારી તેની સાથે ગમન કરે પરંતુ એથી ચેતના બગડે છે એવું વિચારે નહીં તે ઇત્વરપરિગૃહિતા ગમનાતિચાર જાણવો.

(૨) અપરપરિગૃહિતા એટલે વિધવા અથવા કુમારિકા હોય તે કોઇની ગ્રહણ કરેલી નથી તેથી તેને અપરપરિગૃહિતા કહીએ. તેમના માટે એવું વિચાર કરે કે એનો કોઇ સ્વામી નથી અને એ કોઇની સ્ત્રી નથી એની સાથે ગમન વિલાસ કરેતો **અપરપરિગૃહિત ગમન અતિચાર** જાણવો.

(૩) **અનંગ -** એટલે કામ તેને જાગૃત કરવા માટે અત્યંત આસક્ત થઇને સ્વદેહે અથવા પરદેહે કામની કુચેષ્ટા કિધી હોય બીજા પણ ચુંબન-આલિંગન હાવ-ભાવ-કટાક્ષાદિ તથા હાસ્ય-ઠઠ્ઠા મશ્કરી પ્રમુખ પરસ્ત્રી સાથે કરે તે સહુ એ અતિચારમાં જાણવા.

(૪) પોતાનાં છોકરાં છૈયા ટાળીને ભલમનસાઇ લેવાને માટે પારકા સંતાનને સ્નેહ કરી તેના વિવાહના જોડા-વાડા કરે ત્યાં પોતાના સંતાનના વિવાહનો અભિગ્રહ કરી તેની સંખ્યા રાખવી તે વ્રતી શ્રાવકને યુક્ત છે. પરંતુ પારકા વિવાહ જોડે તો તેને **પરવિવાહકરણ નામે અતિચાર** લાગે.

(૫) **કામભોગ તીવ્ર અભિલાષ અતિચાર :-** શબ્દાદિકને વિષે, ભોગને વિષે રસાદિકને વિષે,

કામભોગને વિષે રાત્રિ દિવસ તીવ્રતા પૂર્વક મનમાં અત્યંત અભિલાષ ધરે તથા પારકી સ્ત્રીને જોઇને બહુ ચાહના કરે તથા પારકી સ્ત્રી વિના ક્ષણ માત્ર પણ રહી શકે નહીં હરતા ફરતાં જીવ તેમાંજ લાગ્યો રહે તે પાંચમો અતિચાર જાણવો.

ચોથા શીલવ્રતને સ્વીકારનાર શ્રાવક - શ્રાવિકાએ પ્રતિજ્ઞા લેવાની છે કે **''હું મારી પત્ની / મારા પતિ સિવાય અન્ય કોઇની સાથે મૈથુન સેવન કરીશ નહીં.''**

આ પ્રતિજ્ઞા સાથે વિશેષમાં નીચેના નિયમોના પાલનથી શીલવ્રતની વધારે શુદ્ધિ થાય છે. આપણા જીવનને નિર્મળ બનાવવા યથાશક્તિ નિયમોનું પાલન કરવા પ્રયત્ન કરવો જોઇએ.

(૧) હું પરસ્ત્રીગમનનો ત્યાગ કરું છું.

(૨) હું વેશ્યાગમનનો ત્યાગ કરું છું.

(૩) હું મહિનામાં પાંચ / દસ અથવા બાર તિથિએ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીશ.

(૪)હું દિવસ દરમ્યાન બ્રહ્મચર્યનું પાલન કરીશ.

(૫) હું તીર્થસ્થાનોમાં બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીશ.

(૬) હું પર્યુષણ પર્વ એવં આયંબિલની ઓળીમાં બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીશ.

(૭) હું જીવનમાં બીજીવાર લગ્ન કરીશ નહીં.

(૮) બીજાઓની વાસનાને ભડકાવે એવા વસ્ત્ર પહેરીશ નહીં.

(૯) કામોત્તેજક દવાઓનો ઉપયોગ કરીશ નહીં.

(૧૦) હું બ્લુ ફિલ્મ જોઇશ નહીં. બીજાને બતાવીશ નહીં.

(૧૧) હું બ્લુ બુક્સ /સેક્સી નોવેલ વાંચીશ નહીં બીજાને વંચાવીશ નહીં.

(૧૨) બ્રહ્મચર્ય વ્રતના સુંદર પાલન માટે દરરોજ **ॐ नमो घोर बंभयारीण झ्रौं झ्रौं स्वाहा ।** ની એક માળા ગણીશ.

(૧૩) શીલવ્રતપાલન માટે **श्री नेमिनाथ** ભગવાનની આરાધના કરીશ.

# પરિગ્રહ પરિમાણ વ્રત

કોઇને શનિનો ગ્રહ પીડે છે... તો

કોઇને મંગળનો ગ્રહ નડે છે....

કોઇને રાહુનો ગ્રહ પાયમાલ કરે છે... તો

કોઇને શુક્રનો ગ્રહ માલામાલ કરી દે છે....

પરંતુ શાસ્ત્રકાર મહર્ષિઓ કહેછે જીવમાત્રને ચાર ગતિ અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં રખડાવવાની... દુઃખ અને દારિદ્ર લલાટે લખાવવાની... પગલે પગલે અપયશ આપવાની જેટલી તાકાત

આ નવ ગ્રહોમાં છે તેટલી જ નહીં તેનાથી અનેક ગણી તાકાત એક જ 'ગ્રહ'માં છે અને તે 'ગ્રહ' છે **પરિગ્રહ.**

व्याक्षेपस्य निधिर्मदस्य सचिवः, शोकस्य हेतुः कलेः ।
केलीवेश्म परिग्रहः परिहृते-र्योम्यो विविक्तात्मनाम् ।।

પ્રશમ-શાંતગુણનો એક કટ્ટો દુશ્મન, અધૈર્યનો ખાસ મિત્ર, મોહરાજાને વિશ્રાંતિનું સ્થાન, પાપરાશિની જન્મભૂમિ, આપત્તિઓનું મુખ્ય સ્થાન, અસદ્ધ્યાનનું ક્રીડાવન, વ્યાક્ષેપનો ભંડાર, મદનો સચિવ,-પ્રધાન, શોકનો મુખ્ય હેતુ, તેમજ કલિનો એક કલિષ્ટાવાસરૂપ પરિગ્રહનો વિવેકી પુરુષોએ પરિહાર કરવો.

હે સમજુ આત્મન્ !

તારી શાંતિ-પ્રસન્નતા સળગાવી તને સતત અશાંતિ અને સંતાપ આપ્યો છે.. તારી ધીરજ તોડી તને અધીરા બનાવ્યા છે... તારા જીવનમાં આસક્તિ અને મમતાને મજબૂત કરી દુર્ગતિમાં ધકેલ્યા છે... પાપના ભંડાર જેથી ઉભરાયા છે...જેણે તને અહંકારી બનાવ્યા છે એવા આ પરિગ્રહ ને તું સારી રીતે અને સાચી રીતે ઓળખી લે... એને ઓળખવામાં જેણે થાપ ખાધી છે એને આ પરિગ્રહને ઓળખવાની બીજી તક જ જલ્દી મળતી નથી. તને ભાગ્યોદયથી તક મળી છે. ત્યારે તું શા માટે પ્રમાદ કરે છે ?

પરિગ્રહ... સંચય કરેલી સર્વ વસ્તુઓ અહીંની અહીં રહી જાય છે. તારી સાથે કાંઇ જ આવતું નથી... તારા હાથમાં કાંઇજ રહેતું નથી... પરંતુ આ પરિગ્રહને મેળવવા અને સાચવવા તેં કરેલા પાપો અને કાવાદાવા તારું સત્યનાશ વાળીને તને દુર્ગતિમાં મોકલી દે છે. સમજી લઇએ પરિગ્રહ પરિમાણ વ્રતને અને યથાશક્તિ આદરી લઇએ જીવનમાં જેથી દુર્ગતિથી બચી જઇએ.. સદ્ગતિને સરલ બનાવીએ.

હવે પરિગ્રહનું પરિમાણ કરવું એ પાંચમું અણુવ્રત છે. એ પરિગ્રહપરિમાણવ્રત નવ પ્રકારે છે. પ્રથમ ખિત્ત એટલે ક્ષેત્ર પરિગ્રહ પરિમાણવ્રત -**ક્ષેત્ર** તે ખુલી ભૂમિ, વાવવાની ભૂમિ, બગીચો કરવાની જગા પ્રમુખ જાણવી. બીજો **ઘરપરિગ્રહ** તે એક ભૂમિ (મંજિલથી લઇને સાત મજલાની હવેલી તથા હાર-વખાર પ્રમુખ અને વાડી બાગ-બંગલા પ્રમુખ સર્વ ઘર પરિગ્રહમાં જાણવાં તથા **ત્રીજો કુવિચ એટલે કુવ્ય પરિગ્રહ** તે સુવર્ણ અને ચાંદીને છોડી બીજી સર્વ ધાતુ જાણવી જેમ કે ત્રાંબુ, પીત્તલ, કાંસુ, સીસુ, લોઢું, કલઇ ખંગ  ભરત ઇત્યાદિક ધાતુના વાસણ, થાલી, વાટકી, કલક્ષ તથા ખાટલા, પાટલા, વસ્ત્રાદિક ઘરવખરી જાણવી. તથા **ચોથો ધન પરિગ્રહ** તે ચાર પ્રકારનો છે તેમાં એક ગણિમ તે સોપારી, નાળિયેર પ્રમુખ જે ગણીને વેચાય તે જાણવાં. બીજો ધરિમ તે ગોલ, ઘી, કરિયાણા પ્રમુખ જે તોલીને વેચાય તે જાણવા. ત્રીજો પરિચ્છેદ તે સોનું રુપુ, જવાહીર, વસ્ત્ર નાણાં પ્રમુખ જે પરિક્ષાથી વેચાય તે જાણવાં. ચોથો મવિય ધન તે દુધ આદિ માપથી વેચાય તે જાણવા. એવી રીતે ધન પરિગ્રહ ચાર પ્રકારનો જાણવો. તથા

**પાંચમો ધન્ન** યાને **ધાન્ય પરિગ્રહ** તે ચોવિશ પ્રકારનું ધાન્ય જાણવું. **છટ્ઠો હિરણ પરિગ્રહ** તે રૂપું કાચું એટલે સિક્કા વિનાનું રૂપું જાણવું તે રુપ્યપરિગ્રહ. તથા **સાતમો સુવર્ણ પરિગ્રહ** તે સિક્કા વિનાનું સોનું જાણવું તથા **આઠમો દુપ્પયપરિગ્રહ** તે મુલ્ય આપીને વેચાતાં લીધેલાં એવાં દાસ-દાસી પ્રમુખ દ્વિપદ મનુષ્ય જાણવાં તથા **નવમો ચઉપ્પય પરિગ્રહ** તે ગાય-ભેંશ, હાથી, ઘોડા બળદ બકરી પ્રમુખ ચઉપગા જીવ જાણવા. એવી રીતે નવ સંખ્યાયે કરી મિયાને ચિંત એટલે પ્રમાણ કરેલું નવ પ્રકારના પરિગ્રહ રુપ વ્રત તે પોતાની ઇચ્છા પ્રમાણે પરિમાણ કરીને લીધેલું છે તેમાં અપ્રશસ્ત ભાવ થતાં જે અતિચાર લાગ્યા હોય તેને શુદ્ધ કરવાના છે.

એ વ્રતમાં (૧) ક્ષેત્ર-ઘર-દુકાન આદિ કરેલ પ્રમાણથી વધારે રાખ્યાં હોય, (૨) ઘડેલા અથવા ઘડ્યા વિનાનું સોનું, રૂપું, આભૂષણ, સિક્કા વગેરે ધારેલ પ્રમાણથી વધારે રાખ્યા હોય, (૩) ચારે પ્રકારનું ધન તથા ઘઉં, મગ, અડદ વગેરે ચોવીશ પ્રકારનું ધાન્ય ધારેલ કરતાં વધારે રાખેલ હોય, (૪) બે પગવાળાં દાસ, દાસી વગેરે તથા ચાર પગવાળાં ગાય, ભેંસ વગેરે ધારેલથી વધારે રાખ્યાં હોય, (૫) તાંબુ, કાંસુ, લોખંડ વગેરે હલકી જાતની ધાતુ ધારેલથી વધારે રાખી હોય, એ પાંચ અતિચાર દોષ પાંચમા વ્રતમાં લગાડવા નહીં.

પરિગ્રહના વ્રતને સમજ્યા પછી આ વ્રતનો સ્વીકાર કરવાનો છે. આ વ્રતના સ્વીકારનાર પુણ્યશાળી શ્રાવક-શ્રાવિકાએ નીચે મુજબ પ્રતિજ્ઞા લેવાની હોય છે- **''હું મારા નામે પૈસા, પ્રોપર્ટી, દાગિના, જમીન વગેરે માટે........ કિલોથી વધારે સોનાના ભાવ અનુસાર રક્કમ રાખીશ નહીં જો પૈસા વધુ થશે તો તરત ધર્મ માર્ગમાં વાપરી નાખીશ.''**

આ વ્રતના સવિશેષ શુદ્ધિ માટે અને આપણા આત્માને વધુ પાપોથી બચાવવા માટે નીચે જણાવેલા નિયમો સહાયક બને છે.

(૧) હું................ થી વધારે વાહન રાખીશ નહીં / વસાવીશ નહીં.

(૨) હું................ થી વધારે ગાય-ભેંસ, બળદ વગેરે રાખીશ નહીં.

(૩) સાત વ્યસનમાં જેનો સમાવેશ થાય એવા કોઇ હોટલ-કંપની -મિલ વગેરેના શેર લઇશ નહિં.

(૪) માતા-પિતા અથવા અન્યની મિલકત મેળવવા કોર્ટમાં જઇશ નહીં.

(૫) મિલકત માટે ભાઇ-બહેન-પુત્ર-પત્ની વિગેરે સામે કોર્ટમાં કેસ લડીશ નહીં. જે સહજ મળશે એનોજ સ્વીકાર કરીશ.

(૬) આપણો પરિગ્રહ વધારે થશે તો તે પરિવારના બીજા સદસ્યોના નામે ચડાવીશ નહીં.